# વોર્ડ નં-૨માં વર્તમાન મેયર અને વિપક્ષી નેતા દાવેદાર

## શહેરમાં સમાવિષ્ટ ચાર ગામોનું પ્રતિનિધીત્વ વોર્ડ નં. ૨ માં હોવાથી દાવેદારોનો પણ દબદબો : બન્ને પક્ષે શહેરી-ગ્રામિણ મતદારોનો મિજાજ પારખતા કાર્યકરોની દાવેદારી

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૨ એટલે ગાંધીનગરનો આરંભિક સમયનો વિસ્તાર. જીઈબી કોલોની અને સે. ૨૯ એટલે શહેરની વસાહતના પ્રાથમિક સેક્ટર. આ ઉપરાંત વોર્ડ નં. ૨માં શહેરમાં સમાવેશ ઈન્ડ્રોડા, બોરીજ, પાલજ અને બાસણ ગામો છે. શહેરી ગ્રામ્ય વિસ્તારનો મિશ્ર વોર્ડ ૧૭૮૬૯ મતદારો ધરાવે છે. જેમાં ૯૪૧૭ પુરૂષ મતદારો અને ૮૪૫૨ મહિલા મતદારો છે. નવા વોર્ડ સીમાંકનથી સૌથી વધુ અસરગ્રસ્ત આ વોર્ડ બને છે. જુના ત્રણ વોર્ડના ટુકડા ભેગા કરી આ વોર્ડની રચના કરાઈ છે. આ વિસ્તારોના વર્તમાન કોર્પોરેટરો સર્વશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, જેઓ હાલ વિરોધપક્ષના નેતા પદે છે. આ ઉપરાંત હસમુખભાઈ મકવાણા, રંજનબેન ખાંટ, યુસુફભાઈ પરમાર અને હંસાબેન મોદી આ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે.

આવનાર દિવસોમાં યોજાનાર ચૂંટણીમાં આ વોર્ડમાં પણ દાવેદારોની સંખ્યા ઓછી નથી. વિસ્તાર ગ્રામીણ હોય કે શહેરી નગરસેવક બનવાની તમન્ના સાર્વત્રિક છે. કોંગ્રેસ પક્ષે ચાર સીટીંગ કોર્પોરેટરો છે અને ચારેચાર ટિકીટના દાવેદારો છે. વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, યુસુફભાઈ પરમાર અને હસમુખભાઈ મકવાણાના જોરશોરથી નામ ગાજી રહ્યા છે. તો યાકુબભાઈ મનસુરી પરીવારમાંથી પણ એક નામ ચાલે છે. લલીબેન વાઘાજી ઠાકોર નામ પણ કોંગ્રેસના અગ્રણીની યાદીમાં છે. કોંગ્રેસ પાસે ચાર ગ્રામીણ વિસ્તારો અને ૨૯ એટલે કે લઘુમતિ સમાજના વિસ્તારોનું લડવા માટે ઉમેદવારો ભરપુર પ્રયાસો કરે છે. તો સામે પક્ષે ભાજપમાં વર્તમાન મેયર હંસાબેન મોદીનું નામ વોર્ડ નં. ૨માં પણ અગ્ર હરોળમાં છે. ભાજપ યુવા મોરચાના અગ્રણી પદમસિંહ ચૌહાણ નામ પણ ઉત્સાહપૂર્વક ચાલી રહ્યું છે. શહેર ભાજપના ઉપાધ્યક્ષો શ્રી બિપીનભાઈ રાવલ અને રણછોડ રથવીના નામો પણ ચર્ચામાં છે. જી.ઈ.બી. કોલોનીના મહિલા અગ્રણી અને શહેર ભાજપના મંત્રી પરમજીત છાબડાનું નામ પણ ભાજપના વર્તુળોમાં અગ્રસ્થાને છે. જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીનો દાવો પણ જોરશોરથી સંભળાય છે. ઈન્દ્રોડાના અશોકજી ગાંડાજી ઠાકોર અને રાણાજી ભેમાજી ઠાકોર પણ ભાજપમાં તાકાતથી ટિકીટ માંગી રહ્યા છે. બોરીજના કંકુબેન ઠાકોર અને બાસણના અમિતભાઈ દેસાઈ ટિકીટ માંગનારાઓની યાદીમાં મોખરે છે. ભાજપના અગ્રણી કાર્યકર્તા જયેશ બ્રહ્મભટ્ટ પણ ટીકિટ મળે તો લડવાના મુડમાં છે. આમ ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષે દાવેદારોની લાઈન છે. સાથે સાથે વર્તમાન નગરસેવકો પણ છે. પણ કોને રીપીટ કરે છે અને કયા નવા ચહેરાને તક આપે છે તેની વાતોમાં અઠવાડિયાનો સમય નીકળી જશે. પરીક્ષકો, નિરીક્ષકો અને ઈન્ચાર્જો દરેક વોર્ડમાં દરેક પક્ષોએ નીમી દીધા છે. તમામ સેનાપતિઓ મોરચા ઉપર હાજર છે. ટીકિટના સોગઠા ગોઠવાઈ જાય એટલી જ વાર છે. કોણ કોને હંફાવશે તેની ચર્ચાઓ રસપ્રદ બની જશે. પહેલા પક્ષમાં અને પછી ચૂંટણીમાં સમીકરણો ગોઠવાઈ રહ્યા છે. જય-પરાજયના નકશા દોરાઈ રહ્યા છે પણ અત્યારે તો સૌ પોતપોતાની રીતે જ દોરે છે અને ભુંસે છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો ઓપરેશનનું બીલ... કાતર અંદર રહી ગઈ છે.. કઢાવવી હોય તો બીલના પૈસા ડબલ કરી દેજો... નહીં તો ખાલી કાતરના બસો વધુ આપવાના....!






જિલ્લા સેવાસદન - મોડાસા ખાતે નવરચિત અરવલ્લી જિલ્લાના નવા જિલ્લા સેવા સદનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો... મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલ અને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં સેવા સંકલ્પો વ્યક્ત થયા હતા...

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જી.ઈ.બી.માંથી સ્વાઈન ફ્લુના મળેલ એક શંકાસ્પદ દર્દીના રિપોર્ટ પરીક્ષણ દરમ્યાન નેગેટીવ આવતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.
- જી.એ.એલ.માંથી આઈ.એ.એલ.માં બઢતી આપવા માટેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરની બંધ પડેલી સોલાર લાઈટો હવે શોભાના ગાંઠિયા જેવી લાગે છે.
- ગાંધીનગર શહેરમાં ૩૦મીના રોજ પનઘટ કલા કેન્દ્ર દ્વારા ''અનિમેષ નયનેશ એની સુગંધનો દરિયો'' નામક કાર્યક્રમમાં શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસ ખાસ ઉપસ્થિત રહેનાર છે.
- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણીને લઈ ધીમી ગતિએ રાજકીય ધમધમાટ શરૂ થઈ ગયો છે.
- શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે કોંગ્રેસ કાર્યાલયમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુધનની ફરિયાદો વધવા પામી છે.

# વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે આજે જી ઈ ક્લબ દ્વારા કલાકારોનું સ્નેહમિલન

## મહિલા સિવણ ક્લાસ, સૅક્ટર-૨૨ ખાતે નાટ્યપ્રેમી, કર્મી કલાકારોને ઉપસ્થિત રહેવા સંસ્થાનું ઈજન

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે રવિવારે ગાંધીનગરમાં જી ઈ ક્લબ દ્વારા કલાકારોનું સ્નેહમિલન યોજવામાં આવ્યું છે.

જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવતે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી દુનિયાભરના નાટ્યકર્મીઓ, પ્રેમીઓ દ્વારા કરવામાં આવે છે અને જી ઈ ક્લબ દ્વારા પણ આ દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૨થી નિયમિત રીતે કરવામાં આવે છે. અલબત્ત, આ પ્રસંગે સંસ્થા દ્વારા નાટ્ય પ્રકારોથી સભર સ્ટેજ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવે છે, પરંતુ શાળા, કૉલેજોમાં પરીક્ષાઓના વાતાવરણને જોતાં હાલ સ્ટેજ કાર્યક્રમનું આયોજન નથી. પરંતુ નગરના તેમજ સંસ્થાના વર્તમાન અને ભૂતપૂર્વ કલાકારો એક થઈ રંગભૂમિના આ દિવસે એકમેકને શુભકામનાઓ પાઠવી શકે તે માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી, મહિલા સિવણ ક્લાસ, પ્લૉટ નં. ૪૦૦, સૅક્ટર-૨૨ ખાતે રવિવારે સવારે ૧૦થી ૧૧ કલાક દરમ્યાન આ સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો છે, એમ જણાવી તમામ સ્ટેજ કલાકારોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# નર્મદા ડેમ પર દરવાજા મુકવાની કામગીરી માર્ચ ૨૦૧૭ સુધી પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, યુપીએના શાસનમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનામાં અવરોધો ઉભા કરી ગુજરાતના ખેડૂતોને અન્યાય કર્યો છે. દેશમાં ભાજપનું શાસન આવતા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માત્ર ૧૭ દિવસના ટૂંકાગાળામાં નર્મદા ડેમ પર દરવાજા મુકવાની મંજુરી આપતાની સાથે જ ડેમ દરવાજા મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. નર્મદા ડેમ પર દરવાજા મુકવાનું કામ આગામી ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. વડોદરા ખાતે ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા મધ્ય ગુજરાતના જિલ્લાઓ માટે આયોજિત વિરાટ કિસાન રેલીને સંબોધતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નર્મદા ડેમ ઉપર દરવાજા મુકવાના કામને ખોરંભે પાડવાનો કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, યુપીએ સરકારની ગુજરાતના કિસાનોને અન્યાયપૂર્ણ નીતિને કારણે નર્મદા યોજનાનું કામ અટક્યું હતું, પરંતુ કેન્દ્રમાં ભાજપની એનડીએ સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે કિસાનોના હિતમાં ગુજરાતનો આ વર્ષો જૂનો પ્રશ્ન ટુંકા જ ગાળામાં હલ કર્યો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, નર્મદા ડેમ પર દરવાજા મુકવાના કામને મંજુરી મળતા છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધીમાં ૨૫ પીલર્સ, ૩૦ રેડિયલ ગેટના કામ પૈકી ૨૨ રેડિયલ ગેટનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના ૮ રેડિયલ ગેટ મુકવાનું કામ આગામી માર્ચ ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ કામ પૂર્ણ થતાં ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની લાખો હેક્ટર જમીનમાં નર્મદાનું સિંચાઈનું પાણઈ ખેડૂતોને મળશે. ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાંલોકો પીવાના પાણી માટે વલખાં મારતા હતા તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, ભાજપના શાસનમાં છેલ્લા ૧૫ વર્ષમાં રાજયમાં ૧૩ હજાર ગામડાઓ, ૮ મહાનગર, ૧૫૧ નગરપાલિકાઓમાં ૧૨૫૦૦૦ કિમી ભૂગર્ભ પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, એટલું જ નહીં વાસમો દ્વારા ૧૮ હજાર જેટલી પાણી સમિતિઓ દ્વારા ૬૭ હજાર મહિલાઓ જળવ્યવસ્થાપનની કામગીરી સંભાળી રહી છે. જેને પરિણામે ગુજરાત આજે ટેન્કરમુક્ત રાજ્ય બન્યું છે. તેમણે પ્રધાનમંત્રી વિમા યોજનાનો દરેક ખેડૂતને લાભ લેવા ભારપૂર્વક જણાવ્યું હતું.



ઉનાળુ ફળો - તડબૂચ અને ટેટી આજકાલ બજારમાં ધૂમ મચાવે છે... ગરમીના આરંભથી જ તડબૂચ બજારમાં ઠલવાય છે... આરોગ્યપ્રદ ગણાતું તડબૂચ સામાન્ય અને મધ્યવર્ગીય સમાજ માટે પણ ઉપકારક બને છે... શરીરને ઠંડક આપતું તડબૂચ લોકભોગ્ય ફળ છે... ગાંધીનગરની આસપાસ તડબૂચનું વાવેતર વ્યાપક પ્રમાણમાં થતું હોવાથી શહેરમાં થોકબંધ ઠલવાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)


# શહેરના ઘ-દોઢ પાસે કાર અને સ્કૂટર વચ્ચે અકસ્માત


ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પર દિન પ્રતિદિન અકસ્માતના બનાવોમાં વધારો નોંધાવા પામ્યો છે. શહેરી જીવનમાં બે પૈડાવાળી જીંદગી ઝોખમી બની રહી છે. શહેરના પહોળા અને ચકાચક માર્ગો પર બેફામ ગતિએ કાર હંકારતા વાહન માલિકો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. ત્યારે આજે સવારના સુમારે શહેરના ઘ દોઢ પાસે કાર અને સ્કુટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્કુટર પર સવાર વૃધ્ધને શરીરે ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયારે સ્કુટર અને કારને નુકશાન થવા પામ્યું હતું. ગાંધીનગર શહેરમાં વાહનોની સાથે અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. શહેરના ચકાચક માર્ગો પર બેફામ સ્પીડે ધુમ સ્ટાઈલે ગાડીઓ હંકારતા વાહન ચાલકો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે.

પ્રાપ્ત માહિતિ મુજબ શહેરના ઘ દોઢ પાસે આજે સવારના સુમારે ઘ-૨ થી ઘ-૦ તરફ જઈ રહેલી હ્યુન્ડાઈ એકસન્ટ કાર નં - જી.જે.૧૮ બી.ડી.- ૫૪૨૫ અને સેકટર-૩ ના આંતરીક માર્ગ પર થી ઘ-૦ તરફ જવા માટે ઘ માર્ગ પર ટર્ન લઈ રહેલા સ્કુટર નં- જી.જે.૧૮.એ.સીના ચાલક બાબુભાઈ ભગવાનદાસ નાયીને ( સેકટર - ૩ બી પ્લોટ નં- ૩૮૯-૨) અડફેટે લીધા હતા. કારની આગળના ભાગે સ્કુટર આવી જતા ૭૩ વર્ષિય વૃધ્ધને શરીરે ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. સવારના સમયે અકસ્માત સર્જાતા ઘ માર્ગ થી પસાર થતા વાહન ચાલકો તેમજ મોનીંગ વોકમાં નીકળેલા નગરજનો એકત્ર થઈ ગયા હતા. ઘ માર્ગ પર અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફીક જામ થઈ ગયો હતો. શહેરમાં અકસ્માતના બનાવોના પગલે ટુ વ્હીલર પરની જીંદગી જોખમી બની જવા પામી છે. શહેરવાસીઓ ટુ વ્હીલર લઈને નીકળતા પણ ૧૦૦ વાર વિચાર કરે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.

# સોમવારે પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં ધરણા યોજાશે

## ભાજપ સરકાર દ્વારા ગરીબ-મધ્યમ વર્ગને થઈ રહેલા અન્યાય સામે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યના 33 જિલ્લા અને ૮ મહાનગરોમાં ધરણા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ભાજપ સરકાર દ્વારા ગરીબ-મધ્યમ વર્ગને થઈ રહેલા અન્યાય સામે કોંગ્રેસ પક્ષ દ્વારા ૩૩ જિલ્લા, ૮ મહાનગરોમાં તા. ૨૮-૩-૨૦૧૬ના રોજ સોમવારે યોજાનાર ધરણાં અંગે પત્રકારો સાથે વાતચીત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, પ્રજા માટે અચ્છે દિન લાવવાના અનેક વાયદા સાથે સત્તામાં આવેલી મોદી સરકાર તેમની સત્તાના દોઢથી પોણા બે વર્ષના કાર્યકાળમાં પ્રજા માટે ''અચ્છે દિન'' તો દૂર ''અચ્છે કલાક'' પણ લાવી શકી નથી. આ સરકારે ''મોંઘવારીના માર'' જેવા સૂત્રો સાથે જે વચનો આપેલ તેના માટે કોઈ પણ પગલાં લેવાને બદલે મધ્યમ વર્ગની બચતના વ્યાજ પર કાપ મુકીને સરકારે મધ્યમ વર્ગને હળાહળ અન્યાય કર્યો છે. સરકારે છ નાની બચત યોજનામાં વ્યાજ ઘટાડીને ગરીબ-મધ્યમ વર્ગની જીવાદોરી પર તરાપ મારી છે. બીજી તરફ ગુરૂવારે પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વધારો ઝીંકીને મધ્યમ વર્ગની કમર તોડી નાંખી છે. જુદા જુદા રૂપકડાં નામે ટેક્ષ વધારીને પ્રજાના અંગત બજેટ પર કાતર ફેરવી દીધી છે.

ગુજરાતની ભાજપ સરકારે નાના-મધ્યમ વર્ગના બચતના વ્યાજ પર કાપ મુકીને કમર તોડી નાંખી છે. જેમણે યુવાનીમાં ગણત્રીપૂર્વકનું રોકાણ કર્યું હોય તે સમયસર આવતા વ્યાજ પર નિવૃત્તિનું જીવન સહેલાઈથી જીવી શકે તે માટે કર્યું હોય છે. પરંતુ ભાજપ સરકારની દાનત પણ તેના પર પડી હોય તેમ વ્યાજ પર કાપ મુકી દીધો છે. ભાજપની પ્રજા વિરોધી માનસિકતા છતી થઈ ગઈ છે. જ્યારે મધ્યમ વર્ગને લૂંટનારા ચીટ ફંડો, ફાયનાન્સ કંપનીઓ, ડીપોઝીટ પર વ્યાજ નહી આપતી કંપનીઓ વગેરેને જેલમાં ધકેલવાના બદલે સરકારે મધ્યમવર્ગની જીંદગી સમાન વ્યાજ પર કાતર ફેરવી છે.











